# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૨ : પ્રેક્ટિસ પેપર - ૯

### જવાબપત્ર - ૯

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(શ્રીજીમહારાજે, ભાદરા, મૂળુભા, દાદાખાચર, ખંભાત, ગુણાતીતાનંદ)**

**૧.** જીવુબા અને લાડુબા **દાદાખાચર** ના બહેનો હતા.

**૨.** મૂળજીનો જન્મ **ભાદરા** ગામમાં થયો હતો.

**૩.** હરિભક્ત ઝીણાભાઈની નનામી **શ્રીજીમહારાજે** ઉપાડી.

**૪.** **ખંભાત** ના નવાબે ગુણાતીતાનંદ સ્વામી માટે ચાંદીની પાલખી મોકલી.

**૫.** વડતાલ જતા સંઘમાં **મૂળુભા** નું અફીણ અને હોકાનું વ્યસન છૂટી ગયું.

**વિભાગ-બ**

**(બાળકો, ઘરમંદિર, અભ્યાસ, ૧૭, હેતબા, ૧૮)**

**૬.** આપણાને બે વસ્તુ ગમવી જોઈએ. ભજન અને **અભ્યાસ**

**૭.** ઘરને પવિત્ર બનાવવા **ઘરમંદિર** જરૂરી છે.

**૮.** **૧૭** વર્ષની ઉંમરે શાંતિલાલે ઘર છોડ્યું.

**૯.** યોગીજી મહારાજને **બાળકો** બહુ ગમતા.

**૧૦.** શાસ્ત્રીજી મહારાજના માતાનું નામ **હેતબા** હતું.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | યોગીજી મહારાજની પ્રાર્થનાથી શ્રીજી મહારાજ ભાવનગરમાં થાળ જમી ગયા. | **૧.** | ✓ |
| **૨.** | જેતલપુરની ગણિકાએ દાસીઓની મદદથી ઘઉં દળ્યા હતા. | **૨.** | ✗ |
| **૩.** | યોગીજી મહારાજનો જન્મ મહેળાવ ગામમાં થયો હતો. | **૩.** | ✗ |
| **૪.** | મહારાજે દૂબળી ભટ્ટની જે બોલાવી. | **૪.** | ✗ |
| **૫.** | બે નાના હાથ પ્રભુના દર્શન માટે છે. | **૫.** | ✗ |
| **૬.** | સગરામ બ્રાહ્મણ જ્ઞાતિનો હરિભક્ત હતો. | **૬.** | ✗ |
| **૭.** | મૂળજી એટલે મૂળ અક્ષર. | **૭.** | ✓ |
| **૮.** | સિનેમા ન જોવી કારણ કે તેમાંથી ભગવાન અને ધર્મને માર્ગેથી પડી જવાય. | **૮.** | ✓ |
| **૯.** | મહારાજે આપેલી પાઘ ભરૂચમાં અરદેશર કોટવાલના વંશજો પાસે છે. | **૯.** | ✗ |
| **૧૦.** | ડુંગર ભક્તને તેમના પિતા મહાભારત અને રામાયણની વાતો કરતાં. | **૧૦.** | ✓ |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

**૧.** ભગવાનની પૂજા-આરતી કરવાથી ઘરનું વાતાવરણ કેવું બને છે ?

(૧) આદર્શ **(૨) પવિત્ર** (૩) સ્વર્ગ જેવું — **૧.** ૨

**૨.** શાંતિલાલનો જન્મ ક્યાં થયો હતો ?

(૧) વડોદરામાં (૨) બોચાસણમાં **(૩) ચાણસદમાં** — **૨.** ૩

**૩.** મૂળજી કેટલા વર્ષની ઉંમરે સાધુ થવાની વાત કરતા હતા ?

(૧) ૬ **(૨) ૪** (૩) ૮ — **૩.** ૨

**૪.** એકાદશીને દિવસે ડુંગરભક્તે શું ખાધું ?

(૧) રોટલી (૨) ભાત **(૩) ફરાળ** — **૪.** ૩

**૫.** ભરવાડ કોના નામની માળા ફેરવતો હતો ?

(૧) મૂળાનંદના **(૨) ગુણાનંદના** (૩) મુક્તાનંદના — **૫.** ૨

**૬.** મહારાજે શરીરનો ત્યાગ ક્યારે કર્યો ?

(૧) ફાગણ સુદ પૂનમે (૨) અષાઢ સુદ દશમે **(૩) જેઠ સુદ દશમે** — **૬.** ૩

**૭.** યોગીજી મહારાજે કેટલા વર્ષની ઉંમરે સાધુની દીક્ષા લીધી ?

**(૧) ૧૭** (૨) ૧૯ (૩) ૧૬ — **૭.** ૧

**૮.** ભગવાનનું ભજન ક્યારે કરવું જોઈએ ?

(૧) ઘડપણમાં **(૨) નાનપણમાં** (૩) યુવાનીમાં — **૮.** ૨

**૯.** શાંતિભગતે ચુનાની ભઠ્ઠી ખાલી કરવાની સેવા કયાં કરી ?

(૧) સારંગપુરમાં **(૨) બોચાસણમાં** (૩) અટલાદરામાં — **૯.** ૨

**૧૦.** મહારાજ સગરામને ત્યાં શું જમ્યા ?

**(૧) દહીં-રોટલો** (૨) દૂધ-ભાત (૩) ઘી-ગોળ **૧૦.** ૧

**૧૧.** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સ્થાપક કોણ હતા ?

(૧) યોગીજી મહારાજ **(૨) શાસ્ત્રીજી મહારાજ** (૩) પ્રમુખસ્વામી મહારાજ **૧૧.** ૨

**૧૨.** પ્રાગજી ભક્તે કોના માટે દેહ કુરબાન કર્યો ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામી** (૨) રામાનંદ સ્વામી (૩) ગોપાળાનંદ સ્વામી **૧૨.** ૧

**૧૩.** કોની સેવા કરવી એ યોગીજી મહારાજને મન સદ્ભાગ્ય હતું ?

**(૧) વડીલોની** (૨) બિમારની (૩) બાળકોની **૧૩.** ૧

**૧૪.** શ્રવણને કયા રાજાએ તીર માર્યું ?

(૧) યુધિષ્ઠિર **(૨) દશરથ** (૩) કંસ **૧૪.** ૨

**૧૫.** મહારાજના પાટવી કુંવર કોણ હતા ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામી** (૨) ગોપાળાનંદ સ્વામી (૩) બ્રહ્માનંદ સ્વામી **૧૫** ૧

**૧૬.** ઓગણીસમાનું નામ મહારાજે શું પાડ્યું ?

(૧) અક્ષરાનંદ સ્વામી (૨) અદ્વૈતાનંદ સ્વામી **(3) અદ્ભુતાનંદ સ્વામી** **૧૬.** 3

**૧૭.** મૂળજી ભક્તે ખેતરમાં શેનો વાઢ કર્યો હતો ?

**(૧) શેરડીનો** (૨) મકાઈનો (૩) ઘઉંનો **૧૭.** ૧

**૧૮.** ખંભાતમાં સવારી વખતે ગુણાતીતાનંદ સ્વામી શું ઓઢીને બેઠા હતા ?

(૧) ખેસ (૨) ગાતરિયું **(3) ગોદડી** **૧૮.** 3

**૧૯.** સ્વામી ધામમાં પધાર્યા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ?

**(૧) ૮૨ વર્ષ** (૨) ૮૧ વર્ષ (૩) ૮૦ વર્ષ **૧૯.** ૧

**૨૦.** ભગુભાઈએ કલ્યાણના દાતા તરીકે કોને સમજ્યા ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામીને** (૨) ગોપાળાનંદ સ્વામીને (૩) ભગતજી મહારાજને **૨૦.** ૧

**૨૧.** જગજીવન કયા રાજાનો દીવાન હતો ?

**(૧) કચ્છના** (૨) જામનગરના (૩) ગાયકવાડના **૨૧.** ૧

**૨૨.** ઉકાખાચરને શેનું વ્યસન હતું ?

(૧) તમાકુનું (૨) ભજનનું **(3) સેવાનું** **૨૨.** 3

**૨૩.** શું કરવાથી શરીર અને મન શુદ્ધ થાય ?

(૧) પ્રાણાયામ (૨) ભજન **(3) એકાદશી** **૨૩.** 3

**૨૪.** માલિક કહે તેમ કરવું તે કોનું લક્ષણ છે ?

(૧) શેઠનું (૨) નોકરનું **(3) દાસનું** **૨૪.** 3

**૨૫.** આપણા સંતો શેમાં જમે ?

**(૧) પત્તરમાં** (૨) કટોરામાં (૩) થાળીમાં **૨૫.** ૧

**૨૬.** પ્રમુખસ્વામીને કયા સ્થાનમાં ભાગવતી દીક્ષા આપી ?

(૧) અમદાવાદ (૨) સારંગપુર **(૩) ગોંડલ** **૨૬.** 3

**૨૭.** મહારાજ ઘેર ઘેર કેટલા ઘઉં દળવા આપતા ?

(૧) મણ **(૨) દોઢ મણ** (૩) એક ગાડું **૨૭.** ૨

**૨૮.** ભગતજી મહારાજે કેટલા વરસ સુધી હવેલીનું કામ કર્યું ?

(૧) દોઢ (૨) બે **(૩) ત્રણ** **૨૮.** 3

**૨૯.** ગોંડલના દરબારે સ્વામીને શું આપવાનું નક્કી કર્યું હતું ?

**(૧) ગરાસની જમીન** (૨) પૈસા (૩) મંદિર **૨૯.** ૧

**૩૦.** સત્સંગની પહેલી જરૂર કોને છે ?

(૧) ભરવાડને **(૨) પાપીને** (૩) પુણ્યશાળીને **૩૦.** ૨

**૩૧.** શાંતિલાલ ક્યાંની હાઈસ્કૂલમાં ભણતા ?

**(૧) પાદરાની** (૨) ચાણસદની (૩) વડોદરાની **૩૧.** ૧

**૩૨.** મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને કયા નામથી બોલાવતા ?

(૧) ગુણાતીત (૨) ગુણાતીતાનંદ સ્વામી **(૩) ભાદરાવાળા નિર્ગુણાનંદ** **૩૨.** 3

**૩૩.** દાદાખાચરને મહારાજે કેટલા મહિને ગરાસ પાછો આપ્યો ?

(૧) છ (૨) દસ **(૩) બાર** **૩૩.** 3

**૩૪.** ભગતજી મહારાજનો જન્મ કયા ગામમાં થયો હતો ?

**(૧) મહુવા** (૨) ભાદરા (૩) મહેળાવ **૩૪.** ૧

**૩૫.** ઠોઠ નિશાળિયો કોણ હતો ?

(૧) શ્રવણ **(૨) પાણિનિ** (૩) ધ્રુવ **૩૫** ૨

**૩૬.** શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ કઈ ઉંમરે સંસ્થાના પ્રમુખ બન્યા ?

(૧) ૨૯ **(૨) ૨૮** (૩) ૩૦ **૩૬.** ૨

**૩૭.** વડતાલ જવાનું છોડીને સ્વામીએ કોની સેવા કરી ?

(૧) મહારાજની (૨) હરિભક્તોની **(૩) માંદા સંતોની** **૩૭.** 3

**૩૮.** મહારાજે કયા ગામમાં યજ્ઞ કર્યો હતો ?

**(૧) ડભાણ** (૨) વડતાલ (૩) અમદાવાદ **૩૮.** ૧

**૩૯.** પ્રભુ સાથે પ્રીત કરવા માટે ભગવાને આપણને શું આપ્યું છે ?

(૧) બે આંખો (૨) બે પગ **(૩) એક હૃદય** **૩૯.** 3

**૪૦.** પ્રમુખસ્વામી મહારાજના માતાનું નામ શું હતું ?

(૧) પૂરીબા **(૨) દિવાળીબા** (૩) ગંગાબા **૪૦.** ૨

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

૧. ગુણાતીતાનંદ સ્વામીના સમાધિ સ્થાનને અને મંદિરને શું કહે છે ?

**જ. સ્વામીના સમાધિ સ્થાનને અક્ષરદેરી અને તેના પર બાંધવામાં આવેલ મંદિરને અક્ષરમંદિર કહે છે.**

૨. ચાંદીની પાલખી કોણે મોકલી ? સ્વામી ચાંદીની પાલખીમાં શા માટે ન બેઠા ?

**જ. ખંભાતમાં સવારી માટે નવાબે ખાસ સ્વામી માટે ચાંદીની પાલખી મોકલાવી. સ્વામી પાલખીમાં ન બેઠા કારણ કે સાધુથી ચાંદીના વાહનમાં બેસાય નહિ.**

૩. ગોંડલના દિવાન સાથે વાત કરતાં ગુણાતીતાનંદ સ્વામીને પોતાના દાંત વિશે શું કહ્યું ?

**જ. સ્વામી એ કહ્યું, ! ''હજી તો કાચા ચણા ચાવીએ એવા દાંત છે.''**

૪. ગોંડલના દિવાને પોતાની સરખામણી દીકરા સાથે કરતાં શું કહ્યું ?

**જ. દિવાને કહ્યું, ''સ્વામી ! હું તો હિરણ્યકશ્યપુ જેવો છું પણ મારો દીકરો પ્રહલાદ જેવો છે, એ તમારો ભક્ત છે.''**

૫. ગુણાતીતાનંદ સ્વામીએ કેવી રીતે દેહ ત્યાગ કર્યો ? કઈ જગ્યાએ બેઠા હતા

**જ. સ્વામી પોતે એક થાંભલાને અઢેલીને આસન વાળીને શ્રીજી મહારાજનું ધ્યાન ધરવા બેઠા, અને એ જ સ્થિતિમાં મધરાત ઉપર પોણ કલાકે ધામમાં (અક્ષરધામમાં) પધારી ગયા.**

૬. ગુણાતીત એટલે કયા ત્રણ ગુણથી પર કહેવાય ?

**જ. ગુણાતીત એટલે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ ત્રણેયથી પર.**

૭. સગરામના ઘરે શ્રીજી મહારાજ શું જમ્યા ?

**જ. સગરામના ઘરે મહારાજ રોટલો - દહીં જમ્યા.**

૮. સંતોના પવિત્ર ચરણે શા માટે વંદન કરવું જોઈએ ?

**જ. સંતોને વંદન કરવાથી આપણામાં તેમનો ગુણ આવે.**

૯. દાસનું લક્ષણ શું ?

**જ. ''માલિક કહે તેમ કરવું.''**

૧૦. મહારાજના પગમાં પડી સગરામે વિનંતી કરી શું કહ્યું ?

**જ. મહારાજના પગમાં પડી સગરામે વિનંતી કરી કહે, ''મહારાજ ! મને સત્સંગમાં લો !''**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. પાંચ-દશ વાર સ્વામિનારાયણ.....

**જ. પાંચ-દશ વાર 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ' નામ જાણ્યે-અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે.**

૨. આ તો ભગવાન.....

**જ. આ તો ભગવાન જેવા સાધુ છે, બાવા કે વૈરાગી નથી.**

૩. ડાહ્યો હોય તેને.....

**જ. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા.**

૪. જો મોટોપુરુષ મળે.....

**જ. જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ.**

૫. ભગવાન ભજવા હોય.....

**જ. ભગવાન ભજવા હોય તેનાથી બધાની મરજી રાખી શકાય નહિ. તેનાથી તો ભગવાનની મરજી સચવાય.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. અતિ મનોહરં ......... નિત્ય દર્શને ॥

**જ. અતિ મનોહરં સર્વ સુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણં ।**
**વિબુધવન્દિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુનો નિત્ય દર્શને ॥**

૨. નથી અમારી પાસે ......... કુમળાં હૃદય અમારાં.

**જ. નથી અમારી પાસે હો ભગવન, જાત જાતનાં ફૂલો (૨)**
**પણ ઉરની બગીઓમાં ખીલ્યાં છે, ભક્તિ ભાવનાં ફૂલો (૨)**
**એ ફૂલોને માની લેજો (૨) કુમળાં હૃદય અમારાં...અમે**

૩. લવિંગ સોપારી ને ......... જેરામ બ્રહ્મચારી

**જ. લવિંગ સોપારી ને પાન બીડી વાળી, તજ એલચી જાવંત્રી સારી,**
**નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માગે જેરામ બ્રહ્મચારી... મારે ઘેર.**

૪. અન્યથા શરણં ......... રક્ષ ત્વં પુરુષોત્તમ ॥

**જ. અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।**
**તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ ત્વં પુરુષોત્તમ ॥**

૫. ઢોલ નોબત વાજાં ......... સ્વામી પ્યારા સાથી.

**જ. ઢોલ નોબત વાજાં વગાડી શ્રીજી મહિમા ગાશું,**
**ધજા રાખી ઊંચે ઊંચે, દુનિયામાં લઈ જાશું... ૩**
**સુખ આવે દુઃખ આવે, કોઈની ફિકર નથી,**
**અક્ષરધામમાં જાવું અમારે, સ્વામી પ્યારા સાથી... ૪**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** સાકરબાએ મહારાજને મૂળજીની વાત કરતા શું શું કહ્યું ?

**૨.** માંદા સાધુઓની સેવા

**૩.** આ તો અમારા છે